
<u>મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત શાળા લોગીનની સુચનાઓ</u>

<u>મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત વર્ષ-૨૦૨૫-૨૬</u> માટે ફાઈનલ ૨૫,૦૦૦ વિદ્યાર્થીઓની મેરીટ યાદી વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. CTS ડેટા ના આધારે ૨૫,૦૦૦ વિદ્યાર્થીઓ પૈકી આપની શાળામાં અભ્યાસ કરતા બાળકો આપને આપની શાળાના લોગીનમાં દેખાશે.જેમાં આપે બાળકની બેંક તેમજ આધાર સંબધિત વિગત ભરીને સબમિટ કરવાનું રહેશે જેની વિસ્તૃત વિગત નીચે અનુસાર છે.

૧) સૌ પ્રથમ નીચે મુજબની શાળા લોગીનમાં લીંકમાં જઈ નીચે મુજબની સ્કીન મુજબ યુઝર આઈડી માં શાળા ડાયસ કોડ અને આપે સેટ કરેલ પાસવર્ડથી લોગીન કરવાનું રહેશે.


શાળા લોગીન લીંક: [https://gyan-sadhna.namoyojana.org/frmLogin.aspx](https://gyan-sadhna.namoyojana.org/frmLogin.aspx)




| Student UID | Student Name | Gender | MobileNo | Social Category | Schooling Type | Action |
|---|---|---|---|---|---|---|
| 240404024011710152 | KAVAN | Male | 9909978049 | General | | Edit |
| 240404071011710310 | HET | Male | 9638158763 | General | | Edit |
| 240404076011710112 | RUSHIRAJSINH | Male | 9904150154 | General | | Edit |
| 240404082051710456 | JOY | Male | 9825455801 | General | | Edit |
| 240404084011710845 | VANSH | Male | 9824941459 | General | | Edit |
| 240404084011710846 | CHIRAG | Male | 9909845059 | General | | Edit |
| 240404085061710963 | SMIT | Male | 9913931276 | General | | Edit |
| 240404086061710473 | TAKSH | Male | 9726480571 | General | | Edit |
| 240404111011710579 | VANSHGEEREE | Male | 8200441225 | General | | Edit |
| 240404125011710522 | VIVEK | Male | 7016771747 | General | | Edit |


1 2

2) શાળા લોગીન કરતા આપને મુખ્ય ડેશબોર્ડ પર જે બાળકોની બેંક અને આધાર સંબંધિત વિગત બાકી છે તેમની વિગત આપ જોઈ શકશો.ડાબી બાજુના મેનુમાં **Pending Student List**, **Completed Student List**, શાળા પ્રવેશ પ્રમાણપત્ર આપ જોઇ શકશો. જે બાળકોની વિગત ભરવા માટે આપે **Pending Student List** માં જઈને **Edit** બટન પર ક્લિક કરવાનું રહેશે.





- **Pending Student List**: જે બાળકોની બેંક વિગત આપે ભરવાની બાકી હશે તે બાળકોની વિગત આપ **Pending Student List** લિસ્ટ માં જોઈ શકશો.
- **Completed Student List**: જે બાળકોની બેંક વિગત આપે ભરી દીધેલ હશે તે બાળકોની વિગત આપ Completed Student List લિસ્ટ માં જોઈ શકશો તેમાં જઈ આપ વિગતમાં કોઈ સુધારો કરી શકશો નહિ.
- શાળા પ્રવેશ પ્રમાણપત્ર : બાળકનું ફોર્મ ભરતી વખતે આપે નમુનામાં આપેલ શાળા પ્રવેશ પ્રમાણપત્ર ફરજીયાત ભરીને અપલોડ કરવાનું રહેશે.

3) **<u>Edit</u>** બટન પર ક્લિક કરતા આપને તે બાળકની વિગત નીચે દર્શાવેલ સ્ક્રીનશોટ મુજબ જોઈ શકશો.




<u>વિદ્યાર્થીની બેંક વિગત</u>: આપના દ્વારા વિદ્યાર્થીની બેંક વિગત તેમજ આધારકાર્ડ સંબંધિત તમામ વિગત ચોકસાઈ રાખીને ભરવાની રહેશે.તેમજ જરૂરી તમામ ડોક્યુમેન્ટ સ્પષ્ટ અને વંચાય તેવ  અપલોડ કરવાના રહેશે.

3) **Completed Student List** બટન પર ક્લિક કરતા આપને આપે જે બાળકોની વિગત ભરીને સબમિટ કરી દીધેલ છે તે દર્શાવેલ સ્ક્રીનશોટ મુજબ આપ  જોઈ શકશો.એક વાર સબમિટ કર્યા બાદ આપ **Completed Student List** માં આપ ફક્ત બાળકની વિગત જોઈ શકશો તેમાં કોઈ સુધારો થઇ શકશે નહિ/




- શાળાને બાળકની સબમિટ કરેલ વિગતમાં કોઈ ભૂલ જણાય તો શાળાએ DEO કચેરીનો સંપર્ક કરી ફોર્મ ક્વેરી કરવાનું રહેશે ત્યારબાદ તે ફરીથી શાળાના લોગીનમાં દેખાશે.

## શાળા દ્વારા બાળકની વિગત ભરતી વખતે ધ્યાનમાં લેવાની ખાસ સુચનાઓ :

૧) વિધાર્થી આપની શાળામાં અભ્યાસ કરતો હોવો જોઈએ.

૨) જો વિધાર્થી આપની શાળાના લોગીનમાં પેન્ડીંગ યાદીમાં દેખાતો હોય પરંતુ તે આપને શાળામાં હાલ અભ્યાસ કરતો ન હોય તો તે બાળકને આપે પેન્ડીંગ યાદીમાં રાખવાનો રહેશે.તેમજ CTS માં તે બાળકને આપની શાળામાંથી અનટ્રેક કરવો. CTS માં વિગત અપડેટ કર્યાના ૨૪ કલાક માં બાળક આપની શાળાની પેન્ડીંગ યાદીમાંથી નીકળી જશે.

૩) જો કોઈ બાળક ફાઈનલ ૨૫,૦૦૦ ના મેરીટ માં આવેલ હોય અને આપની શાળામાં અભ્યાસ કરતો હોય પરંતુ શાળા લોગીનની પેન્ડીંગ યાદીમાં તેનું નામ આવતું ન હોય તો તે બાળકની CTS વિગત આપે ચેક કરી જો બાળકની CTS માં બાળકની વિગત ન હોય તો તે અપડેટ કરવી. અપડેટ કર્યાના ૨૪ કલાક માં બાળક આપની શાળાની પેન્ડીંગ યાદીમાં દેખાશે.

૪) વિધાર્થીના ફોર્મમાં માંગેલ તમામ ડોક્યુમેન્ટ *(બેંક વિગત,શાળા પ્રવેશ પ્રમાણપત્ર,આધાર ને લગતી વિગત)* ની સ્પષ્ટ પ્રમાણિત નકલ શાળાએ ફરજીયાત અપલોડ કરવાની રહેશે.

૫) જે વિદ્યાર્થીના માતા-પિતા બન્ને હયાત ન હોય તેમજ બાળકનું પોતાનું બેંક એકાઉન્ટ ન હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીના પાલક(**Guardian**) ની બેંક એકાઉન્ટ વિગત આપવાની થતી હોય તો વિદ્યાર્થીના પાલક(**Guardian**) નું સેલ્ફ ડીકલેરેશન (વિદ્યાર્થી જે શાળામાં ધોરણ -૯ માં અભ્યાસ કરતા હોય તે શાળાના આચાર્યના સહી-સિક્કા સાથેનું) ફરજીયાત અપલોડ કરવાનું રહેશે.

૬) શાળાએ લોગીનમાં ડાબી બાજુમાં આપેલ શાળા પ્રવેશ પ્રમાણપત્ર ડાઉનલોડ કરી તેની તમામ વિગત ભરી ફોર્મમાં માંગેલ જગ્યાએ ફરજીયાત અપલોડ કરવાનું રહેશે.

૭) જેમની બેંક એકાઉન્ટ વિગત આપ દાખલ કરો છો ફરજીયાત તેમની જ આધાર કાર્ડ સંબધિત વિગત આપે ભરવાની રહેશે. (બેંક એકાઉન્ટ વિગત અને આધાર કાર્ડ ની અલગ અલગ વ્યકિતની વિગત માન્ય નથી)

૮) આપ શાળા લોગીન કરવા માટે શાળાનો પાસવર્ડ ભૂલી ગયા હોવ તો DEO કચેરી કે રાજ્ય કક્ષાની હેલ્પલાઇન(**+91 7923973615**) માં સંપર્ક કરી પાસવર્ડ મેળવી શકો છો.

૯ રાજ્ય લેવલે વિદ્યાર્થી વિગત રીસેટની ફેસીલીટી આપવામાં આવેલ છે કોઈ કારણથી બાળકની વિગત શાળાએ ફરીથી ભરીને સબમિટ કરવાની થતી હોય તો આપ DEO કચેરીનો સંપર્ક કરી ભરેલું ફોર્મ રીસેટ કરાવી શકો છો. બાળકનું ફોર્મ રીસેટ કરાવ્યા બાદ બાળક CTS મુજબ જે શાળામાં અભ્યાસ કરતુ હશે તે શાળાના લોગીનમાં પેન્ડીંગ લીસ્ટમાં દેખાશે.

૧૦) આપે ભરેલ ફોર્મ DEO કચેરીના લોગીનમાં વેરીફીકેશન માટે જશે જો DEO કચેરીને ફોર્મ ચકાસણી દરમિયાન કોઈ ભૂલ જણાય તો તે ફોર્મને કારણ સહીત શાળા લોગીનમાં પરત મોકલી શકે છે.ત્યારબાદ આપે ફોર્મ ફરીથી ભરીને સબમિટ કરવાનું રહેશે.